# શ્રી શત્રુંજય - મુકિત સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

દ્વિતીય વર્ષ અભ્યાસક્રમ-૭

ડીસેમ્બર /2022

## પ્રશ્ન પત્ર

ગુણાંક ૧૦૦

**સુચના** (૧) નામ અને એનરોલમેન્ટ નંબર વિનાનો પેપર રદ્દ કરવામાં આવશે. (૨) લાલ પેનનો ઉપયોગ કરવો નહીં. (૩) જવાબ પેપર માંજ ખાના માં જવાબ લખવાનો છે સાથે બીજો પેપર જોડવાનો નથી. (૪) ન સમજાય એવા અક્ષરોવાળા જવાબ તપાસવામાં આવશે નહીં. (૫) જવાબ પત્ર દરેક મહિનાની તા. ૫ થી તા. ૨૫ સુધીમાં મોકલાવાના રહેશે. આગળ-પાછળ આવેલા પેપર તપાસવામાં આવશે નહીં. (૬) બધા જવાબો અભ્યાસક્રમના આધારે જ લખવાના છે. (૭) જે મહિના ના પ્રશ્ન પત્ર છે તે પછી નાં મહિના ની ૨૫ તા. સુધી તમારા ગુણાંક તેમજ સાચા ઉત્તર ઇન્ટરનેટ ઉપર આપવા માં આવશે એના પછી આવેલા ઉત્તરપત્ર સ્વીકારાશે નહીં. તેમજ એના માટે ફોન ઉપર જવાબ આપવા માં આવશે નહીં. (૮) ઉત્તરપત્ર માં આભ્યાસક્રમ નું નંબર લખવુ જરૂરી છે.

**પ્રશ્ન- ૧ ખાલી જગ્યા પુરો.** ૨૦

૧. કર્મકાંડી અને ચતુર્વેદી તરીકે ............................ ની પ્રસિદ્ધિ હતી.
૨. સર્વ શસ્ત્રોમાં .......................... મુખ્ય શસ્ત્ર છે.
૩. ચૌદ પૂર્વધર તીર્થંકર પરમાત્માની ઋદ્ધી જોવા .......................... શરીર બનાવે.
૪. મેરુ પર્વતની તલાટીમાં હોવાથી ...................... મેરુકુટ તરીકે પણ જાણીતા છે.
૫. મિથ્યાત્વ મોહનીય જ એના દળિયા વિશુદ્ધ થાય ત્યારે .................. કહેવાય છે.
૬. જેમાં જીવોનો ...................... થાય એવા માર્ગ થી સંપત્તિ કમાવવાની હોય નહી.
૭. ...................... અવગાહના અન્ય શરીરો કરતા મોટી છે.
૮. વિદ્યાધર મનુષ્યો અને આભિયોગિક દેવોની શ્રેણીઓ ...................... ઉપર છે.
૯. કારણમાં કાર્યનો ઉપચાર કરીને કર્માદાનને .................. માનવામાં આવેલ છે.
૧૦. ગતિના કયા પેટા વિભાગ માં ઉત્પન્ન થવું તે નકકી કરનાર કર્મ ............... છે.
૧૧. શ્રી અંકંપિત ગણધર ........................ અનશનકરી નિર્વાણ પામ્યા.
૧૨. ચક્રવર્તી કાકીણીરત્ન થી પોતાનું નામ ........................ ઉપર પૂર્વ દિશામાં લખે છે.
૧૩. તીર્થંકર,ગણધર ...................... શરીર ધારણ કરે છે.
૧૪. જયાંના વ્યાપારી ...................... વ્યવસાયી હોય તેવા ક્ષેત્ર માં વ્યાપાર કરવો.
૧૫. અંગ ઉપાંગ અને અંગોપાંગ ...................... શરીરને નથી હોતા.
૧૬. નારકી જીવો મરીને બીજે જ ભવે ...................... થતા નથી.
૧૭. વૈતાઢ્યની દક્ષિણ મેખલા ઉપર ...................... આદિ શહેરો છે.
૧૮. નામ કર્મની ........................ પ્રકૃતિઓ બંધ ઉદય અને ઉદિરણામાં હોય છે.
૧૯. હું ચોમાસામાં ઘર ........................ કરવીશ નહીં.
૨૦. ધર્મમાં બાધ ન આવે એમ ...................... સાથે વ્યાપાર કરવો.

**પ્રશ્ન- ૨ એક શબ્દમાં જ્વાબ લખો -** ૧૫

૧. ગરુડ દેવનું નિવાસ સ્થાન કયાં છે ?
૨. વ્યાપારમાં દ્રવ્ય શુદ્ધિ સાચવવા માટે શેનો ત્યાગ કરવો જોઈએ ?
૩. અકંપિત બ્રાહ્મણનો વ્યવાયસ શું હતો ?
૪. દેવતા અને અસુરોના સમુહ કયા ભગવાન પાસે આવતા હતા ?
૫. પર્વત ઉપર હોવા છતાં કોની ગણત્રી ભૂમિકૂટમાં થાય છે ?
૬. આત્માને કોઈપણ કર્મ ભોગવવા માટે કઈ કુદરતી ઘટનાનો આશ્રય લેવો પડે છે ?
૭. ગોળ, ખાંડ, ઘી વિગેરે નરમ ચીજોનો વ્યાપાર કયા વાણિજયમાં આવે ?
૮. ભાવડશા પાસે એક લાખનું લેહણું કોનું નિકળતું હતું ?
૯. વિદ્યાધર મનુષ્યો કોની સહાયતાથી પોતાનું ઇચ્છિત કાર્ય કરાવી લે છે ?
૧૦. શરીર નામકર્મ, અંગોપાંગ નામકર્મ વિગેરે નામકર્મ ની સહાયતાથી શું પ્રાપ્ત થાય છે
૧૧. ઘણા જ જીવોના ઘાતમાં શું નિમિત્ત બને છે ?
૧૨. પૂર્વે બાંધેલા અને નવા બંધાતા પુદ્ગલને એક કરવા વાળું કર્મ કયું છે ?
૧૩. છેવટના ઉપાય તરીકે કરજદારે લહેદારને કેવી રીતે ઋણ ચુકવવુ જોઈએ ?
૧૪. આજે પણ અનેક પંડિતો કઈ ભૂમિમાંથી તૈયાર થાય છે ?
૧૫. આ સંસારમાં મેળવવા જેવું શું છે ?

**પ્રશ્ન - ૩ નીચે આપેલા શબ્દો ના અર્થ લખો.** ૧૦

૧) હુલિયં ૨) પરુવિય ૩) અસ્તિ ૪) બાહુરુ ૫) કર્પણે ૬) મીસયા ૭) ઉસહકૂડા ૮) ખિંખિણી
૯) ઇચરદુ ૧૦) વિઉવ્વા ૧૧) સતિલય ૧૨) દુરુત્તર સયં ૧૩) પણિંદિ ૧૪) સેસા ૧૫) થોઉણ
૧૬) વેયહ્રે ૧૭) તિણગણં ૧૮) મેખલા ૧૯) અંગય ૨૦) સકલ

**પ્રશ્ન – ૪ જોડકા જોડો (ફક્ત બી નો નંબર લખો)** ૧૦

| A | B | | |
|---|---|---|---|
| ૧) કર્ષણ | ૧) આજીવિકા | ૬) વિદ્યા | ૬) ભાવશુદ્ધિ |
| ૨) ઉપચય | ૨) વૈક્રિય શરીર | ૭) ગજદંત | ૭) છીપા |
| ૩) ન્યાય-વિશ્વાસ | ૩) તીર્થ | ૮) વાયુકાય | ૮) પુદ્ગલ |
| ૪) પ્રથમ ગણધર | ૪) ગૌતમ | ૯) શિલ્પ | ૯) ફ્રોટિક કર્મ |
| ૫) શાંતિનાથ ભ. | ૫) માલ્યવંત | ૧૦) દેવશર્મા | ૧૦) મહામુનિ |

**પ્રશ્ન-૫ નીચે ના પ્રશ્નોના જવાબ સંખ્યામાં લખો.** ૧૦

૧. વીરપ્રભુના આઠમા ગણધરનો છદ્મસ્થ પર્યાય કેટલો ?
૨. દેવકુરુ ક્ષેત્રમાં કેટલા ફૂટો છે ?
૩. કર્માદાનના કુલ અતિચાર કેટલા છે ?
૪. મોહનીય કર્મની કુલ પ્રકૃતિમાંથી બંધ માં કેટલી પ્રકૃતિ હોય ?
૫. જંબુનદના શાશ્વત ચૈત્ય નો વિસ્તાર કેટલો ?
૬. ભાવડશેઠના ભાગ્યશાલી પુત્ર ઉપર એમનું કેટલું કરજ બાકી હતું ?
૭. મહાવિદેહ ક્ષેત્ર ની વૈતાઢ્ય શ્રેણિઓ ઉપર નગર ની કુલ સંખ્યા કેટલી ?
૮. પંદર કર્માદાનમાં કુકર્મ કેટલા ?
૯. વિદ્યુતપ્રભ અને માલ્યવંત ગજદંત ઉપર ફૂટો ની સંખ્યા કેટલી ?
૧૦. બંધન નામ કર્મના કુલ ભેદ કેટલા ?

**પ્રશ્ન – ૬ નીચે ના વાક્યો સાચા ( ✓ ) છે ખોટા (×) તે જણાવો** ૧૦

૧. શ્રાવકોએ ઘણું કરી ને પોતાના સગા ભાઇઓ સાથે વેપાર કરવો.
૨. કપાસિયા કાઢવાના કારખાના નાખવા એ યંત્રપીલન કર્મ છે.
૩. ઉત્તમ સુવર્ણ રત્નો થી પ્રરુપેલા પ્રકાશમાન આભુષણોથી દેવતાઓના અંગ પ્રકાશિત થઇ રહ્યા હતા.
૪. ભાવક શેઠ ત્રીજા પુત્રની બધી કમાણી ધર્મમાર્ગે વાપરી નાખવાનો વિચાર કર્યો.
૫. અઢીહજાર વર્ષો પૂર્વે ગૌતમ ગોત્રના બ્રાહ્મણ શ્રેષ્ઠ દેવશર્મા મગધમાં રહેતા હતા.
૬. કર્માદાનથી કર્મોનો મોટો જથ્થો આત્મામાં પ્રવેશે છે.
૭. કાર્મણ શરીર દૃષ્ટિ થી અદૃશ્ય છે પર એના પરિણામ આપણે ક્ષણે ક્ષણે અનુભવી શકિયે.
૮. ચક્રવર્તીનું બાણ તીર્થના અધિપતિના ભવન માં જઇ ને પડે છે.
૯. વિવિધ ભવોમાં વિવિધ સમયે જરૂરી એવા શરીર રચનામાં અનુકુળ તેતે પુદ્ગલોના જથ્થાનો સંગ્રહ કરી આપનાર કર્મ તે શરીર નામકર્મ છે.
૧૦. પ્રત્યેક વિજયની બે મુખ્ય નદીઓ જે પ્રપાત કુંડો માં પડે છે તે પ્રપાત ની વચ્ચે ઋષભકૂટ હોય છે.

**પ્રશ્ન – ૭ નીચેનું વાક્ય કયા પાના પર છે તે પાના નંબર જણાવો.** ૧૦

૧. શુભ માર્ગથી યોગ્ય ધનની પ્રાપ્તિ થાય તો શ્રાવકના મનના પરિણામ ધર્મને અનુકુલ બને છે.
૨. જે બ્રાહ્મણ શુદ્ર જાતિના માણસનું અન્ન ખાય છે નારકી થાય છે.
૩. જે કાળમાં ત્રણે પ્રકારના ચોમાસામાં જે જે પદાર્થ માં ઘણા જીવ પડે તે પદાર્થો નો વ્યાપર ન કરવો.
૪. તં મહામુણિ મહંપિ પંજલિ રાગ દોસ ભય મોહ વજ્જિયં;
૫. હાથ અંગ છે આંગળીઓ ઉપાંગ છે.
૬. એ પન્નર અતિચાર શ્રાવકે જાણવા પણ આચરવા નહી.
૭. તમારી આજ્ઞા માં છું...... તમારી આજ્ઞા શિરોમાન્ય છે.
૮. આહારક શરીર બનાવવા માટે જોઈતી આહારક વર્ગણા અપાવનાર કર્મ તે આહારક શરીર નામ કર્મ.
૯. ભૂમિકૂટ નામ પ્રમાણે જ આ શિખરો પર્વતો ઉપર નથી પરન્તુ સામાન્ય જમીન ઉપર જ હોય છે.
૧૦. હું પોલિસ, ફૌજદાર, ઇન્સ્પેક્ટર, ડી.એસ.પી. ની નોકરી નહીં કરૂં.

**પ્રશ્ન – ૮ તમારી ભાષા માં સમજાવો** ૧૫

૧. શ્રાવકને કર્માદાન શું કામ ત્યાજય છે ?
૨. ભરતક્ષેત્રમાં આવેલા તીર્થોના નામ અને ચક્રવર્તી એને કેવી રીતે સાધે છે તે જણાવો ?
૩. શ્રી શાંતિનાથ ભગવાનને વંદનાર્થે આવેલા દેવતાઓ અને અસુરોનું વર્ણન લખો.
૪. વ્યાપાર ના લેણ-દેણમાં શ્રાવક ના નિયમ. ૫) અંગોપાંગ નામ કર્મ

**જવાબ પત્ર નીચે ના સરનામે મોકલશોજી**
સૌ. કાશ્મીરાબેન વિનોદ લોડાયા
શાહ ગોવિન્દજી વીરમ ફેક્ટરી કમ્પાઉન્ડ, મોંઢા રોડ, ઔરંગાબાદ – ૪૩૧ ૦૦૧
સાચા પરિણામ અને સાચા ઉત્તર માટે વેબ સાઇટ www.achalgach.com